## આંક–૧ લગત

**૧.** ચાર્જશીટ તેમજ રેકર્ડ ધ્યાને લીધું. આરોપી ઉપરના ગુનાના આક્ષેપો ધ્યાને રાખ્યા. ગુજરાત પ્રોહિબિશન સુધારા કાયદો ૨૦૧૬ તારીખ ૧૯–૧૨–૧૬થી અમલમાં આવેલ છે, જેમાં કલમ–૮૫ની સજામાં વધારો કરી ત્રણ વર્ષ સુધીની પરંતુ એક વર્ષથી ઓછી નહીની કેદની સજા અને દંડની જોગવાઈ કરવામાં આવેલ છે. ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૨માં વોરંટ ટ્રાયેબલ કેસની વ્યાખ્યા મુજબ બે વર્ષ કરતા વધુની સજાપાત્ર ગુનાઓ વોરંટ ટ્રાયેબલ કહેવાય. જેથી હાલના કેસમાં ક્રિમિલન પ્રોસિજર કોડની કલમ–૨૩૯ લાગું પડે તેમ છે. જે વંચાણે લેતાં મોકલવામાં આવેલ પોલીસ રિપોર્ટ અને તેની સાથેના દસ્તોજોને વિચારણામાં લઈ અને મેજિસ્ટ્રેટને જરૂરી લાગે તે રીતે, આરોપીની.... ફરિયાદપક્ષ તથા આરોપીને સાંભળવાની તક આપ્યા પછી, આરોપી વિરુધ્ધના તહોમતનામાને મેજિસ્ટ્રેટે કારણ વિનાનું જણાય તો તે આરોપીને છોડી મૂકશે અને તેના કારણોની નોંધ કરશે. આમ હાલનું કામ વોરંટ ટ્રાયેબલ હોય જેથી તેમાં આરોપીને ડિસ્ચાર્જ કરી શકાય તેમ છે.

આરોપી ઉપર જે કલમના આક્ષેપો છે તે બાબતે લોહી લેવા માટે ધી બોમ્બે પ્રોહિબિશન (મેડિકલ એક્ષામિનેશન અને બ્લડ ટેસ્ટ) રૂલ્સ ૧૯૫૯નો નિયમ–૪(૨) વંચાણે લેતા આવું લોહી લીધાની તારીખથી સાત દિવસની અંદર ટેસ્ટીંગ ઓફિસરને મળી જાય તે રીતે.... મોકલવું જોઈશે. આમ લોહી લીધા તારીખથી સાત દિવસની અંદર મળી જવું જોઈએ. સાતમાં દિવસે કે તે પછી નહી. રેકર્ડ

જોતા લોહી તારીખ **૨૭–૧–૨૨**ના રોજ લેવામાં આવેલ છે ત્યાંથી સાતા દિવસ ગણતા લોહી વાધારેમાં વધારે તારીખ **૨–૨–૨૨** સુધી ચકાસણી અધિકારીને મળી જવુ જોઈએ પરંતુ ફોર્મ સી જોતા લોહી તારીખ **૧૪–૦૨–૨૨**ના રોજ મળેલ છે. આમ લોહી લીધાના **૭** દિવસ બાદ પૃથકકરણ કચેરીને મળેલ છે. આમ પ્ર થમ દ્રષ્ટિએ ધી બોમ્બે પ્રોહિબિશન (મેડિકલ એક્ષામિનેશન અને બ્લડ ટેસ્ટ) રૂલ્સ ૧૯૫૯નો નિયમ–૪(૨)નો ભંગ થયેલાનું જણાય આવે છે. સદર નિયમના ભંગ બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટના બાપુજી સાવજીમાં ઠરાવેલ છે કે લોહી ૭ દિવસમાં પ્ર યોગશાળામાં પોહંચી જવું જોઈએ ઉપરાંત નામદાર ગુજરાત હાઈકોર્ટનો દલસુખજી વરવાજી વિ. ગુજરાત રાજય ૧૯૬૯ ક્રિમિનલ લો જનરલ ૬૯૫ વંચાણે લેતા નિયમ ૪ અને ૫ ફરજિયાત છે. ઉપરાંત ઘણા ચુકાદાઓ જોતાં નિયમના ભંગ બદલ આરોપીને નિર્દોષ છોડવામાં આવેલ છે. આમ જો ટ્રાયલ ચલાવવામાં આવે તો પણ સદર કારણે આરોપીને નિર્દોષ છોડવો પડે તેમ છે જેથી તે લાભ આરોપીને હાલ ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૨૩૯ હેઠળ આપી શકાય તેમ છે. હાલનો કેસ મુખ્યત્વે ફોર્મ એ, બી, સી લોહી લેવાની પધ્ધતી અને નિયમો તેમજ ડોકટરની જુબાની આધારિત છે. સદર પ્રકારના કેસમાં ફોર્મ સીની ભૂમિકા મહત્વની હોય જેમાં સ્પષ્ટ રીતે લોહી લેવાના નિયમ–૪નો ભંગ જણાતો હોય તેથી ચાર્જફ્રેમ કરવા માટે કોઈ કારણ જણાતું નથી. હાલના કેસમાં લોહી લેટ પહોંચ્યુ છે તે સ્પષ્ટ છે. આમ **પ્રોહિબિશન એકટની કલમ–૮૫** મુજબ કેફી પીણા પી જાહેરમાં નિર્લજ રીતે વર્તવુ તે સાબિત કરવા માટે

આરોપીના લોહીમાં આલ્કોહોલ હતો તે સાબિત કરવું અત્યંત જરૂરી છે અને આરોપીના લોહીમાં આલ્કોહોલ હતો તે સાબિત કરવા માટે લોહી લેવાના નિયમોનું પાલન થવું જરૂરી છે પરંતુ ફોર્મ સીથી લોહી લ ેવાના નિયમોનું પાલન થયેલ ન હોવાનું સ્પષ્ટ રીતે સાબિત થાય છે. જે નિયમનો ભંગનો લાભ આરોપીને મળે તેમ છે. જેથી હાલના કેસમાં આરોપી વિરુધ્ધ ચાર્જફ્રેમ કરવા માટે કોઈ કારણ ન હોય જેથી ન્યાયનાહિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**−:: હુકમ ::−**

− આરોપીને ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ−૨૩૯ હેઠળ ડિસ્ચાર્જ કરી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૨મી, માહે નવેમ્બર, સને ૨૦૨૨ના સ્પેશિયલ સિટીંગમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ : ૧૨/૧૧/૨૦૨૨
રાજકોટ.

**(કીર્તીકુમાર મનોજકુમાર ગોહેલ)**
૧૫માં એડિશનલ ચીફ જયુડી.મેજિસ્ટ્રેટ
રાજકોટ.
(UIC NO.GJ01120)